**મહિલા ટી-20**

# ભારતે શ્રીલંકાને 5-0થી ક્લીન સ્વિપ કર્યું

**ઘરઆંગણે** દ્વિપક્ષીય સિરીઝમાં ભારતે પ્રથમ વખત કોઈ ટીમને 5-0થી ક્લીન સ્વીપ કર્યું

**ભારતના 175** રનના જવાબમાં શ્રીલંકા 160 રન જ બનાવી શક્યું

**દિપ્તી** શર્મા મહિલા ટી-20 આંતરરાષ્ટ્રીયમાં 152 વિકેટ સાથે સૌથી વધુ વિકેટ લેનાર બોલર બની

**હરમનપ્રીતની** આક્રમક અડધી સદી અને અરુંધતીની છેલ્લી ઓવરોમાં ફટકાબાજીથી ભારત સ્પર્ધાત્મક સ્કોર સુધી પહોંચી શક્યું




તિરુવનંતપુરમ, તા. 30 (પીટીઆઈ): કેપ્ટન હરમનપ્રીત કૌરની લડાયક અડધી સદી અને ત્યારબાદ ભારતીય બોલરોના શાનદાર બોલિંગ પ્રદર્શનના કારણે ભારતે મંગળવારે અહીં રમાયેલી પાંચમી અને અંતિમ મહિલા ટી-20 ક્રિકેટ મેચમાં શ્રીલંકાને 15 રનથી હરાવી પાંચ મેચની સિરીઝમાં 5-0થી ક્લીન સ્વીપ કર્યું હતું.

ઘરઆંગણે દ્વિપક્ષીય સિરીઝમાં આ ભારતે પ્રથમ વખત કોઈ ટીમને 5-0થી ક્લીન સ્વીપ કર્યું છે અને એકંદરે ત્રીજી વખત આવું કર્યું છે. શ્રીલંકાની આટલા માર્જિનથી આ પહેલી હાર છે.

ભારતના 176 રનના લક્ષ્યનો પીછો કરતા, શ્રીલંકા હસિની પરેરા (65 રન) અને ઈમેશા દુલાનીની (50 રન) અડધી સદી અને બંને વચ્ચે બીજી વિકેટ માટે 79 રનની ભાગીદારી છતાં સાત વિકેટે 160 રન જ બનાવી શક્યું.

ભારત માટે, દીપ્તિ શર્મા, અરુંધતી રેડ્ડી, સ્નેહ રાણા, વૈષ્ણવી શર્મા, શ્રી ચરણી અને અમનજોત કૌરે એક-એક વિકેટ લીધી. આ સાથે જ **દિપ્તી શર્મા મહિલા ટી-20 આંતરરાષ્ટ્રીયમાં 152 વિકેટ સાથે સૌથી વધુ વિકેટ લેનાર બોલર બની.**

હરમનપ્રીતે 43 બોલમાં નવ ચોગ્ગા અને એક છગ્ગાની મદદથી 68 રન બનાવ્યા અને અમનજોત (21) સાથે છઠ્ઠી વિકેટ માટે 61 રન ઉમેરીને ભારતને સાત વિકેટે 175 રનના પડકારજનક સ્કોર સુધી પહોંચાડ્યું. અરુંધતીએ અંતિમ ઓવરોમાં 11 બોલમાં ચાર ચોગ્ગા અને એક છગ્ગાની મદદથી અણનમ 27 રન બનાવ્યા. એક સમયે ભારતીય ટીમ 10 ઓવરમાં 5 વિકેટે 77 રન પર હતી. છેલ્લે અરુંધતીની આક્રમક ઈનિંગની મદદથી ભારત સ્પર્ધાત્મક સ્કોર સુધી પહોંચી શક્યું. શ્રીલંકા તરફથી, કવિશા દિલહારી (11 રનમાં 2), કેપ્ટન ચમારી અટાપટ્ટુ (21 રનમાં 2) અને રશ્મિકા સેવાંડીએ (42 રનમાં 2) બે-બે વિકેટ લીધી.

આ પહેલાં ચમારીએ ટોસ જીતીને પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય લીધા પછી, ભારતે બીજી ઓવરમાં ઈન-ફોર્મ શેફાલી વર્માની (05) વિકેટ ગુમાવી હતી. ડેબ્યુ કરી રહેલી ઓપનર જી. કમાલિની (12) અને હરલીન દેઓલે મલ્કી મદારા અને નિમાશા મીપેજના બોલ પર ચોગ્ગા ફટકાર્યા. કવિશાએ કમલિનીને આઉટ કરી ભારતની બીજી વિકેટ પાડી હતી.

# એલિસ પેરી, અનાબેલ સધરલેન્ડે WPLમાંથી નામ પાછું ખેંચ્યુ

**આવતા** અઠવાડિયે WPL શરૂ થવાની છે ત્યારે આરસીબી અને દિલ્હીને મોટો આંચકો

**યુપી** વોરિયર્સની ફાસ્ટ બોલર તારા નોરીસે પણ રાષ્ટ્રીય ટીમમાં સામેલ થવાના કારણે મહિલા લીગ છોડી





મુબઈ, તા. 30 (પીટીઆઈ): રોયલ ચેલેન્જર્સ બેંગ્લુરુની (RCB) ઓલરાઉન્ડર એલિસ પેરી અને દિલ્હી કેપિટલ્સની અનાબેલ સધરલેન્ડે મંગળવારે વ્યક્તિગત કારણોસર આગામી મહિને યોજાનારી મહિલા પ્રીમિયર લીગમાંથી (WPL) પોતાનું નામ પાછું ખેંચી લીધું છે. WPLના એક નિવેદન મુજબ, ભારતીય ઓલરાઉન્ડર સયાલી સતઘરે ઓસ્ટ્રેલિયન ઓલરાઉન્ડર પેરીની જગ્યાએ રોયલ ચેલેન્જર્સ બેંગ્લુરુ ટીમમાં સામેલ થશે, જ્યારે તેના જ દેશની ઓલરાઉન્ડર સધરલેન્ડની જગ્યાએ દિલ્હી કેપિટલ્સે ઓસ્ટ્રેલિયન લેગ-સ્પિનર અલાના કિંગને કરારબદ્ધ કર્યા છે. સયાલી સતઘરેને તેની બેઝ પ્રાઈસ રૂ.30 લાખ પર આરસીબીમાં સામેલ કરાઈ છે.

'ઓસ્ટ્રેલિયન ઓલરાઉન્ડર એલિસ પેરી (રોયલ ચેલેન્જર્સ બેંગ્લુરુ) અને અનાબેલ સધરલેન્ડે (દિલ્હી કેપિટલ્સ) વ્યક્તિગત કારણોસર લીગની આગામી સીઝનમાંથી પોતાનું નામ પાછું ખેંચી લીધું છે', એમ નિવેદનમાં કહેવાયું હતું. અલાના કિંગને તેની બેઝ પ્રાઈસ રૂ. 60 લાખ પર દિલ્હીની ટીમમાં સામેલ કરાઈ છે. બીજી બાજુ યુપી વોરિયર્સની ડાબોડી ફાસ્ટ બોલર તારા નોરીસે (અમેરિકન ખેલાડી) પણ લીગમાંથી નામ પાછું ખેંચી લીધું છે તેને મહિલા ટી-20 વર્લ્ડકપ માટે અમેરિકાની ટીમમાં સામેલ કરાઈ છે. તારાની જગાયાએ પણ ઓસ્ટ્રેલિયાની ઓલરાઉન્ડર ચાર્લી નોટને ટીમમાં સામેલ કરાઈ છે. તેને બેઝ પ્રાઈસ રૂ. 10 લાખ પર કરારબદ્ધ કરાઈ છે. ડબ્લુપીએલની ચોથી સિઝન 9 જાન્યુઆરીથી 5 ફેબ્રુઆરી સુધી નવી મુંબઈ અને વડોદરામાં બે તબક્કામાં આયોજિત કરાશે.

# શ્રેયસ ઐયર ન્યૂઝીલેન્ડ સામેની સિરીઝમાં નહીં રમે

**ઐયરને** બીસીસીઆઈ તરફથી મંજૂરી નહીં મળી

**ઈજાને** કારણે ઐયરનું વજન ઝડપથી ઘટી ગયું છે જેના કારણે 50 ઓવર સુધી તે મેદાન પર ફિલ્ડીંગ કરી શકશે કે નહીં તે અંગે આશંકા છે

નવી દિલ્હી, તા. 30: ઓક્ટોબરમાં ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચેની વનડે મેચ દરમિયાન ડાઈવિંગ કેચ પકડવાનો પ્રયાસ કરતી વખતે શ્રેયસ ઐયરને પેટમાં ગંભીર ઈજા થઈ હતી તે ન્યુઝીલેન્ડ સામેની ત્રણ મેચની વનડે સિરીઝ માટે પરત ફરશે નહીં. આ સિરીઝ 11 જાન્યુઆરીથી શરૂ થશે. તેને BCCI તરફથી મંજૂરી મળી નથી. તે બેટિંગ કરી શકે છે પરંતુ ફિલ્ડીંગ દરમિયાન મેદાન પર રહેવા માટે તાકાત મેળવી શક્યો નથી. એક અહેવાલ મુજબ, ઈજાને કારણે ઐયરનું વજન ઝડપથી (લગભગ 6 કિલો) ઘટી ગયું છે. રવિવારે, મીડિયા અહેવાલોમાં દાવો કરવામાં આવ્યો હતો કે જો શ્રેયસની રિકવરી યોજના મુજબ થશે, તો તે કિવીઝ સામેની ત્રણ મેચની વનડે સિરીઝ માટે વડોદરામાં ભારતીય ટીમ સાથે જોડાશે અને તે પહેલા 3 અને 6 જાન્યુઆરીએ મુંબઈ માટે વિજય હજારે ટ્રોફીની બે મેચ રમી શકે છે. જોકે, BCCIના એક સૂત્રએ જણાવ્યું હતું કે ત્રણ મેચની વનડે શ્રેણી તેમજ વિજય હજારે ટ્રોફીની મેચોમાં શ્રેયસની ભાગીદારી તેના પર નિર્ભર રહેશે કે શું તે પેટની સર્જરી પછી 50 ઓવરની રમતના કઠોર શારીરિક શ્રમનો સામનો કરી શકે છે. 'શ્રેયસ ઐયરે આ અઠવાડિયે કૌશલ્ય તાલીમ શરૂ કરી છે. તે સારી સ્થિતિમાં છે. પરંતુ તેને ફરીથી મેદાનમાં ઉતારતા પહેલા આપણે 50 ઓવરની રમતમાં ફિલ્ડિંગ કરવાની તેની ક્ષમતાનું મૂલ્યાંકન કરવું પડશે. તેની શારિરીક ક્ષમતા કેવી છે તેના આધારે વિજય હજારેમાં તેની ભાગીદારી નક્કી કરવામાં આવશે', એમ સૂત્રએ જણાવ્યું.

# શમી અંગે પસંદગીકારો યુ-ટર્ન લેશે

**શમીને** ન્યૂઝીલેન્ડ સામેની વનડે સિરીઝ અને 2027ના વન-ડે વર્લ્ડકપ માટે પણ પસંદ કરવામાં આવી શકે છે

**શમીના** ઘરેલુ પ્રદર્શન પર નજીકથી નજર રાખવામાં આવી રહી છે



નવી દિલ્હી, તા. 30: લાંબા સમયથી ટીમ ઈન્ડિયામાંથી બહાર ચાલી રહેલા ફાસ્ટ બોલર મોહમ્મદ શમીને ઘરેલુ ક્રિકેટમાં તેના સતત પ્રદર્શન માટે પુરસ્કાર મળી શકે છે. તેની ફિટનેસ, ફોર્મ અને ભવિષ્ય અંગે મહિનાઓ સુધી ચાલી રહેલી અટકળો બાદ, 35 વર્ષીય ફાસ્ટ બોલર ફરીથી પસંદગીકારોના રડાર પર છે. જો બધું બરાબર રહ્યું, તો તેને 2027ના વન-ડે વર્લ્ડકપ માટે પણ પસંદ કરવામાં આવી શકે છે. BCCIના સૂત્રોએ જણાવ્યું હતું કે શમીના ઘરેલુ પ્રદર્શન પર 'નજીકથી નજર રાખવામાં આવી રહી છે' અને ચર્ચાઓ ચાલી રહી છે, અને ટૂંક સમયમાં ટીમ ઈન્ડિયામાં તેની વાપસી થઈ શકે છે.

'મોહમ્મદ શમીની સતત ચર્ચા થઈ રહી છે. તે રેસમાંથી બહાર નથી. એકમાત્ર ચિંતા તેની ફિટનેસની છે. તેના જેવો બોલર વિકેટ લેશે. તે ન્યુઝીલેન્ડ વનડે શ્રેણી માટે સારો લાગે છે. તેના અનુભવ અને વિકેટ લેવાની ક્ષમતાને જોતાં, જો તેની 2027ના વર્લ્ડકપમાં પસંદગી થાય તો આશ્ચર્ય પામશો નહીં.

માર્ચ 2025 માં ICC ચેમ્પિયન્સ ટ્રોફી પછી ભારતનું પ્રતિનિધિત્વ ન કરનાર ખેલાડી માટે આ એક મહત્વપૂર્ણ પરિવર્તન છે, ભલે તે ટુર્નામેન્ટ ભારતના સંયુક્ત-સૌથી વધુ વિકેટ લેનાર બોલર તરીકે નવ વિકેટો સાથે પૂર્ણ કરી રહ્યો હોય. તેની છેલ્લી વન ડે ન્યુઝીલેન્ડ સામે રમી હતી, જ્યારે તેણે છેલ્લી ટેસ્ટ તેનાથી પણ આગળની જૂન 2023 માં ઓસ્ટ્રેલિયા સામેની વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ ફાઈનલ છે

આ વર્ષની શરૂઆતમાં ICC ચેમ્પિયન્સ ટ્રોફી પછી મોહમ્મદ શમી ટીમ ઈન્ડિયા માટે એક પણ મેચ રમ્યો નથી. શમી તે ટુર્નામેન્ટમાં ભારતનો સૌથી વધુ વિકેટ લેનાર બોલર હતો. શમીને ટેસ્ટ ટીમમાંથી પણ બહાર કરવામાં આવ્યો છે. તેણે છેલ્લે 2023માં ભારત માટે એક ટેસ્ટ રમી હતી. પસંદગીકારો તેની ફિટનેસ વિશે અસ્પષ્ટ હતા. મુખ્ય પસંદગીકાર અજિત અગરકરે જણાવ્યું હતું કે ફાસ્ટ બોલરની ફિટનેસ અંગે પ્રશ્નો છે.

પરંતુ આ નિવેદન પછી શમીએ વળતો પ્રહાર કરતા કહ્યું કે મેદાન પર તેનું પ્રદર્શન શબ્દો કરતાં વધુ બોલે છે, તેથી તેમને જે કહેવું હોય તે કહેવા દો. શમી હાલમાં વિજય હજારે ટ્રોફીમાં રમી રહ્યો છે, જ્યાં તેણે ત્રણ મેચમાં છ વિકેટ લીધી છે. ભૂતપૂર્વ ભારતીય ક્રિકેટરોએ પણ શમીને સતત બાકાત રાખવાનો પ્રશ્ન ઉઠાવ્યો છે. મોહમ્મદ કૈફે તાજેતરમાં વનડે ટીમમાંથી શમીને બહાર રાખવા પર જાહેરમાં આશ્ચર્ય વ્યક્ત કર્યું હતું, ખાસ કરીને જ્યારે સિનિયર ફાસ્ટ બોલર જસપ્રીત બુમરાહ અને મોહમ્મદ સિરાજને આરામ આપવામાં આવ્યો હતો. ભારતે તેમના ઝડપી બોલિંગ વિભાગમાં પ્રયોગો કર્યા હોવાથી, ઉચ્ચ દબાણવાળી ટુર્નામેન્ટમાં શમીના સાબિત રેકોર્ડને કારણે તેની ગેરહાજરી વધુ સ્પષ્ટ થઈ ગઈ.

શમીનો કેસ ઝાંખો પડવાનું નામ લેતો નથી, કારણ કે તેના આંકડાઓએ ચર્ચાને જીવંત રાખી છે. તેણે ડોમેસ્ટિક ક્રિકેટમાં છેલ્લી છ મેચોમાં ૧૭ વિકેટ લીધી છે આ વર્ષની શરૂઆતમાં જ્યારે શમીએ ઓસ્ટ્રેલિયાના ભારતના વ્હાઈટ-બોલ પ્રવાસ માટે અવગણના કરવામાં આવ્યા બાદ પસંદગી પેનલ પર જાહેરમાં ટીકા કરી ત્યારે તે તણાવ ખુલીને બહાર આવ્યો. તેણે દલીલ કરી હતી કે જો તે પહેલાથી જ ઘરેલુ ક્રિકેટ રમી રહ્યો હોય તો પસંદગીકારોને તેની ફિટનેસ વિશે અપડેટ રાખવાની જવાબદારી તેની નથી.

# સૂર્યકુમાર મને મેસેજ કરતો હતો: અભિનેત્રી ખુશીનો ઘટસ્ફોટ

**સૂર્યકુમારે** જોકે હજુ સુધી આ બાબતે કોઈ ટિપ્પણી કરી નથી



મુંબઈ, તા. 30: વર્ષ 2025 સમાપ્ત થવાનું છે તે પહેલા, બોલિવૂડ ફિલ્મ અને ટીવી અભિનેત્રી ખુશી મુખર્જીએ સૌથી મોટો ધમાકો કર્યો છે. ખુશી મુખર્જીએ તાજેતરમાં વર્તમાન ભારતીય કેપ્ટન સૂર્યકુમાર યાદવ વિશે બોલ્ડ દાવો કરીને હંગામો મચાવ્યો છે. ખુશીએ તાજેતરના એક કાર્યક્રમમાં એક પ્રશ્નનો જવાબ આપતા મોટો ખુલાસો કર્યો. ખુશીએ કહ્યું, 'હું કોઈ ક્રિકેટરને ડેટ કરવા માગતી નથી. જોકે ઘણા ક્રિકેટરો મારી પાછળ છે. સૂર્યકુમાર મને ખૂબ મેસેજ કરતો હતો. હવે અમે વધારે વાત કરતા નથી. હું તેની સાથે જોડાવા પણ માગતી નથી. મને કોઈની સાથેના જોડાણ અંગેની અફવાઓ પસંદ નથી.' સૂર્યકુમાર યાદવે મંગળવારે તેની પત્ની દેવીશા સાથે તિરુપતિમાં શ્રી વેંકટેશ્વર સ્વામી મંદિરની મુલાકાત લીધી હતી. સૂર્યકુમાર યાદવ બેટિંગમાં સારું પ્રદર્શન કરી રહ્યો નથી તે પહેલેથી જ ચિંતાનું કારણ છે. હવે આ વિવાદ સામે આવ્યો છે. સૂર્યકુમારે જોકે હજુ સુધી આ બાબતે કોઈ ટિપ્પણી કરી નથી. ખુશી મુખર્જી એમટીવી સ્પ્લિટ્સવિલા, કહત હનુમાન જય શ્રી રામ, બાલવીર રિટર્ન્સ અને એમટીવી લવ સ્કૂલ જેવા ટેલિવિઝન શો તેમજ તમિલ અને તેલુગુ ફિલ્મોમાં જોવા મળી છે. તેણે એમ પણ કહ્યું કે તે કોઈ ક્રિકેટરને ડેટ કરવા માગતી નથી. ઉલ્લેખનીય છે કે ક્રિકેટ ખેલાડીઓ અને બોલિવુડ અભિનેત્રીઓ વચ્ચેના અફેરની વાર્તાઓ વર્ષોથી લાખો ચાહકોને મોહિત કરતી આવી છે. પરંતુ આવી ઘણી જોડી છે જેમના અફેર અંગે વિવાદ થયો હતો અને અંતે તેઓ એક થયા ન હતા.

# વર્લ્ડ બ્લિટ્ઝ ચેસ ચેમ્પિયનશિપ: એરિગૈસીએ કાર્લસનને હરાવ્યો

**સ્પર્ધાના** પ્રથમ દિવસે એરિગૈસી સંયુક્ત રીતે ટોચના સ્થાને




દોહા, તા. 30 (પીટીઆઈ): ભારતના ટોચના ગ્રાન્ડમાસ્ટર અર્જુન એરિગૈસીએ પોતાની મજબૂત એન્ડગેમ અને ઝડપી ગણતરી કૌશલ્યનું શાનદાર પ્રદર્શન કર્યું અને વિશ્વના નંબર વન મેગ્નસ કાર્લસનને હરાવીને વર્લ્ડ બ્લિટ્ઝ ચેસ ચેમ્પિયનશિપના પહેલા દિવસે સંયુક્ત લીડ મેળવી. ત્યારબાદ એરિગાઈસીએ બીજા ટોચના ગ્રાન્ડમાસ્ટર, નોડિરબેક અબ્દુસત્તોરોવને હરાવ્યો અને ત્રણ અન્ય ગેમ ડ્રો કરી. આમ એરિગૈસીએ પ્રથમ દિવસે 10 પોઈન્ટ મેળવ્યા, જેનાથી તે મેક્સિમ વાચિયર-લેગ્રેવ અને અમેરિકન ગ્રાન્ડમાસ્ટર ફેબિયાનો કારુઆના સાથે સંયુક્ત રીતે પ્રથમ સ્થાને રહ્યો. એરિગૈસીએ શાનદાર રમત રમી, જ્યારે કાર્લસન નવમા રાઉન્ડમાં તણાવપૂર્ણ એન્ડગેમ હારી ગયો. ટોચના સ્થાન પર રહેલા ખેલાડીઓની પાછળ 9.5 પોઈન્ટ સાથે છ ખેલાડીઓ બીજા સ્થાને છે. વર્લ્ડ બ્લિટ્ઝ 2024ના સહ-ચેમ્પિયન કાર્લસન અને ઈયાન નેપોમ્નિયાચ્ચીના નવ પોઈન્ટ છે. જોકે મહિલા વર્ગમાં રેપિડ વર્ગમાં બ્રોન્ઝ જીતનાર કોનેરુ હમ્પી (61મા સ્થાને), મહિલા વર્લ્ડકપ વિજેતા દિવ્યા દેશમુખ (30મા સ્થાને) અને ડી હરિકા અને આર વૈશાલી (31મા સ્થાને) ટોચના સ્થાને પહોંચવામાં નિષ્ફળ ગઈ હતી.

### કાર્લસને ફરી ગુસ્સામાં ટેબલ પર હાથ પછાડ્યો

એરિગૈસી પાસે ફક્ત નવ સેકન્ડ બાકી હતી, જ્યારે કાર્લસન પાસે ત્રણ સેકન્ડ હતી. નોર્વેનો ખેલાડી કાર્લસન ક્વીનને ખસેડવાનો હતો ત્યારે મોહરો તેના હાથમાંથી નીચે પડી ગયો જ્યારે તેણે ક્વીન ઉંચકીને બોર્ડ પર મૂકી તેનો સમય પૂરો થઈ ગયો હતો, આ ઘટનાક્રમથી કાર્લસન ગુસ્સે થયો હતો અને તેણે ટેબલ પર જોરથી મુક્કો માર્યો હતો અને ટેબલને હલાવી દીધું હતું, જોકે એરિગૈસી તેનાથી વિચલિત થયો ન હતો. ઉલ્લેખનીય છે કે કાર્લસને આ જ વર્ષે નોર્વે ચેસ કમ્પીટીશનમાં ભારતના ડી ગુકેશ સામે હાર્યા બાદ આ જ રીતે ટેબલ પર મુક્કો માર્યો હતો.

# પાકિસ્તાન બોર્ડે સમય પહેલાં ટેસ્ટ ટીમના મુખ્ય કોચને હટાવ્યો

**કોચ** અઝહર મહમૂદ સાથે પીસીબીના કરારની મુદત માર્ચ 2026માં પૂરી થવાની હતી



લાહોર, તા. 30 (પીટીઆઈ): પાકિસ્તાન ક્રિકેટ બોર્ડે (PCB) રાષ્ટ્રીય ટેસ્ટ ટીમના મુખ્ય કોચ અઝહર મહમૂદ સાથે તેમના કરારની મુદત પૂરી થવાના ત્રણ મહિના પહેલા જ અલગ થવાનો નિર્ણય લીધો છે. ભૂતપૂર્વ ટેસ્ટ ઓલરાઉન્ડર અઝહરનો કરાર માર્ચ 2026 સુધીનો હતો, પરંતુ તેને સમય પહેલા જ દૂર કરવામાં આવ્યો છે. બોર્ડના નજીકના સૂત્રોના જણાવ્યા અનુસાર, પાકિસ્તાનની આગામી ટેસ્ટ મેચ માર્ચ 2026માં યોજાવાની છે, તેથી PCB હમણાંથી જ નવા મુખ્ય કોચ માટે રણનીતિ તૈયાર કરવા માગે છે.

સૂત્રોએ એમ પણ જણાવ્યું હતું કે PCBએ ટેસ્ટ ટીમ માટે નવા મુખ્ય કોચની શોધ શરૂ કરી દીધી છે અને સપોર્ટ સ્ટાફમાં પણ ફેરફાર શક્ય છે. ICC વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ હેઠળ પાકિસ્તાનનું આગામી ચક્ર માર્ચ 2026માં બાંગ્લાદેશના પ્રવાસથી શરૂ થશે, ત્યારબાદ જુલાઈમાં વેસ્ટ ઈન્ડિઝ અને ઓગસ્ટ-સપ્ટેમ્બરમાં ઈંગ્લેન્ડનો પ્રવાસ થશે.

# ઈંગ્લેન્ડે ટી-20 વર્લ્ડકપ માટે સંભવિત ટીમ જાહેર કરી

**જોફ્રા** આર્ચર ઈજા થઈ હોવા છતાં T20 વર્લ્ડકપ માટે ઈંગ્લેન્ડની સંભવિત ટીમમાં સામેલ

**હેરી** બ્રુક કેપ્ટન, જોશ ટંગને પણ સામેલ કરાયો



લંડન, તા. 30 (પીટીઆઈ): ફાસ્ટ બોલર જોફ્રા આર્ચરને એડિલેડમાં ત્રીજી એશિઝ ટેસ્ટમાં ઈજા થઈ હોવા છતાં, આગામી વર્ષે ફેબ્રુઆરી-માર્ચમાં ભારત અને શ્રીલંકામાં યોજાનાર T20 વર્લ્ડકપ માટે ઈંગ્લેન્ડની 15 સભ્યોની સંભવિત ટીમમાં સામેલ કરવામાં આવ્યો છે.

એડિલેડ ટેસ્ટ દરમિયાન આર્ચરને ડાબા હેમસ્ટ્રિંગમાં દુખાવો થયો હતો, જેના કારણે તે આગામી બે ટેસ્ટમાંથી બહાર થઈ ગયો હતો. અન્ય એક ફાસ્ટ બોલર, જોશ ટંગને હેરી બ્રુકની કેપ્ટનશીપ હેઠળની ટીમમાં સામેલ કરવામાં આવ્યો છે. તેણે મર્યાદિત ઓવરના ક્રિકેટમાં હજુ સુધી એક પણ આંતરરાષ્ટ્રીય મેચ રમી નથી.

જોકે, આર્ચર 22 જાન્યુઆરીથી શરૂ થનારી શ્રીલંકા સામેની ત્રણ વનડે અને એટલી જ T-20 આંતરરાષ્ટ્રીય મેચો રમી શકશે નહીં, એમ ઈંગ્લેન્ડ અને વેલ્સ ક્રિકેટ બોર્ડે (ECB) એક નિવેદનમાં જણાવ્યું હતું.

ઈંગ્લેન્ડ 8 ફેબ્રુઆરીએ મુંબઈમાં નેપાળ સામે T20 વર્લ્ડકપ અભિયાનની શરૂઆત કરશે. ત્યારબાદ તેઓ વેસ્ટઈન્ડિઝ (11 ફેબ્રુઆરીએ મુંબઈમાં), બાંગ્લાદેશ (14 ફેબ્રુઆરીએ કોલકાતામાં) અને ઈટાલી (16 ફેબ્રુઆરીએ કોલકાતામાં) સામે મેચ રમશે.

**T-20 વર્લ્ડકપ માટે ઈંગ્લેન્ડની સંભવિત ટીમ:** હેરી બ્રુક (કેપ્ટન), રેહાન અહેમદ, જોફ્રા આર્ચર, ટોમ બેન્ટન, જેકબ બેથેલ, જોસ બટલર, સેમ કરન, લિયામ ડોસન, બેન ડકેટ, વિલ જેક્સ, જેમી ઓવરટન, આદિલ રાશીદ, ફિલ સોલ્ટ, જોશ ટંગ, લ્યુક વુડ.

### ખાલિદા ઝિયાના નિધન બાદ બાંગ્લાદેશ પ્રીમિયર લીગની બે મેચ મુલતવી રખાઈ

ઢાકા, તા. 30 (પીટીઆઈ): બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડે (BCB) આજે સવારે ભૂતપૂર્વ વડા પ્રધાન ખાલિદા ઝિયાના અવસાન બાદ મંગળવારે યોજાનારી બાંગ્લાદેશ પ્રીમિયર લીગની (BPL) બે મેચ મુલતવી રાખી છે. બંને મેચ હવે બુધ વારે રમાશે. BPLની મેચ મુલતવી રાખવાનો નિર્ણય સિલ્હટ ઈન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિયમ ખાતે સિલ્હટ ટાઈટન્સ અને ચિત્તાગોંગ રોયલ્સ વચ્ચેની મેચના ટોસના બે કલાક પહેલા લેવામાં આવ્યો હતો. BCBએ જણાવ્યું હતું કે, 'BPL 2026 બાંગ્લાદેશના ભૂતપૂર્વ વડા પ્રધાન બેગમ ખાલિદા ઝિયાના રાષ્ટ્રીય શોક સમયગાળા દરમિયાન દેશ સાથે એકતામાં ઊભું છે.

# બુમરાહ અમદાવાદમાં નેટ પ્રેક્ટીસ કરતા દેખાયો



અમદાવાદ, તા. 30: બીસીસીઆઈએ તમામ મુખ્ય ભારતીય ખેલાડીઓને વિજય હજારે ટ્રોફીમાં ઓછામાં ઓછી બે મેચ રમવા માટે કહ્યું છે. જોકે, જસપ્રીત બુમરાહને આ યાદીમાં સામેલ કરાયો નથી. 2026 T-20 વર્લ્ડકપ શરૂ થવામાં એક મહિનાથી વધુ સમય બાકી છે, ત્યારે બુમરાહ ફિટ રહે તે ખૂબ જ મહત્વપૂર્ણ છે. તેણે ગયા વર્લ્ડકપમાં ભારતની જીતમાં મુખ્ય ભૂમિકા ભજવી હતી અને તેને પ્લેયર ઓફ ધ ટુર્નામેન્ટ પણ જાહેર કરવામાં આવ્યો હતો.

અહેવાલો અનુસાર, જસપ્રીત બુમરાહને ન્યૂઝીલેન્ડ સામેની આગામી ત્રણ મેચની વનડે શ્રેણી માટે પણ આરામ આપવામાં આવશે. તેને પાંચ મેચની T-20 શ્રેણી માટે પસંદ કરવામાં આવ્યો છે. જોકે, તેના આરામ દરમિયાન પણ, બુમરાહ રમતથી દૂર નથી. એક અહેવાલ મુજબ, બુમરાહ અચાનક અમદાવાદના નેટ પ્રેક્ટિસ ગ્રાઉન્ડ પર પહોંચ્યો હતો.તેણે પહેલા વોર્મ-અપ કર્યું અને પછી ટૂંકા રન-અપ સાથે બોલિંગ શરૂ કરી, ત્યારબાદ તે તેના કુદરતી રન-અપ પર પાછો ફર્યો. રિપોર્ટમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે બુમરાહ ફુલ સ્પીડથી બોલિંગ કરી રહ્યો ન હતો. તેણે ગુજરાતના એક બેટ્સમેનને બોલિંગ કરી હતી.

# પાકિસ્તાની હોકી ખેલાડીઓએ અધુરો પગાર મળવાનો આરોપ લગાવ્યો

**ખેલાડીઓએ** ફેબ્રુઆરીમાં યોજાનારી પુરુષોની FIH પ્રો લીગના બીજા તબક્કાનો બહિષ્કાર કરવાની ધમકી આપી




લાહોર, તા. 30 (પીટીઆઈ): પાકિસ્તાન હોકી ટીમના કેટલાક સિનિયર ખેલાડીઓએ ફેબ્રુઆરીમાં યોજાનારી પુરુષોની FIH પ્રો લીગના બીજા તબક્કાનો બહિષ્કાર કરવાની ધમકી આપી છે, અને આરોપ લગાવ્યો છે કે તેમને તેમનો સંપૂર્ણ પગાર મળ્યો નથી.

ખેલાડીઓએ આરોપ લગાવ્યો છે કે તેમને આ મહિનાની શરૂઆતમાં રમાયેલી મેચો માટે તેમનું સંપૂર્ણ દૈનિક ભથ્થું ચૂકવવામાં આવ્યું નથી.

રાષ્ટ્રીય પુરુષ ટીમના ઓછામાં ઓછા બે ખેલાડીઓએ પુષ્ટિ આપી છે કે પાકિસ્તાન હોકી ફેડરેશનને (PHF) સ્પષ્ટ સંદેશ મોકલવામાં આવ્યો છે કે જો નાણાકીય સમસ્યાઓનું નિરાકરણ નહીં આવે તો ઘણા ખેલાડીઓ FIH પ્રો લીગ માટે ઉપલબ્ધ રહેશે નહીં.

એક ખેલાડીએ કહ્યું, 'અમને ખાતરી આપવામાં આવી હતી કે આ મહિનાની શરૂઆતમાં આર્જેન્ટિનામાં પ્રો લીગ સ્પર્ધા દરમિયાન અમને 30,000 રૂપિયાનું (110 ડોલર) દૈનિક ભથ્થું આપવામાં આવશે જ્યારે અમારા ખાતામાં ફક્ત રૂ. 11,000 (40 ડોલર) જ જમા કરવામાં આવ્યા હતા, જે છેતરપિંડી છે.' PHFએ ખેલાડીઓને જાણ કરી છે કે તમામ ખેલાડીઓ અને અધિકારીઓ માટે દૈનિક ભથ્થું પાકિસ્તાન સ્પોર્ટ્સ બોર્ડ (PSB) દ્વારા ચૂકવવામાં આવ્યું હતું, જેની નીતિ મુજબ કોઈપણ સ્પર્ધામાં ભાગ લેવા માટે વિદેશ પ્રવાસ કરતા ખેલાડીઓને 40 ડોલરનું (રૂ. 11,000) દૈનિક ભથ્થું આપવામાં આવે છે. એટલે અમે આ બાબતે વધુ કંઈ કરી શકીએ નહીં.'